અનુપમ ગ્રંથાવલિ

# ઈલાચીકુમાર

જયભિખ્ખુ

૫



અનુપમ ગ્રંથાવલિ : ૫

# ઈલાચીકુમાર

જયભિખ્ખુ

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ · અમદાવાદ

પૂજ્ય અનોપબેન બાવચંદભાઈ ગાંધી
તથા તેમના પરિવાર દ્વારા પ્રેરિત

**અનુપમ ગ્રંથાવલિ**


પ્રકાશક :

માનદ્ મંત્રી : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ,
ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૭


*


ટ્રસ્ટીમંડળ :

ડૉ. ધીરુભાઈ ઠાકર, શ્રી કાંતિલાલ વોરા (કે. લાલ),
શ્રી વિઠ્ઠલભાઈ અમીન, શ્રી ગુણવંત વડોદરિયા,
શ્રી રસિકલાલ દોશી, શ્રી ચંદ્રકાંત મહેતા


*


મુખ્ય વિક્રેતા :

આદર્શ પ્રકાશન, જુમા મસ્જિદ સામે,
ગાંધીરોડ, અમદાવાદ, ૩૮૦ ૦૦૧


*


મુદ્રક :

કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર ૧૯૮૫



સર્વ હક્ક લેખકના


સેટની કુલ કિંમત રૂપિયા ૧૫

# ૧

# ઇલાચીકુમાર

— જયભિખ્ખુ —

ગોડિયા બજારમાં રમી રહ્યા હતા. રમતનો ઢાલ જોર જોરથી ઢિબાઈ રહ્યો હતો–

ધીબાંગ, ધડીબામ, ધીબાંગ, ધડીબામ !

ચૈત્રનો અકળામણો દિવસ આથમતો હતો. દક્ષિણના વાયુની શાંત લહેરોનો આસ્વાદ માણતું લોકવૃંદ, ઇલાવર્ધન નગરના ચોકમાં થોકેથોક એકઠું થઈ રહ્યું હતું.

નટ લોકોએ ખેલ ભારે ચગાવ્યો હતો. વાંસની બે ઊંચી ઘોડી સાથે બાંધેલા દોર પર એક નમણો નટ ભારે કરામત દેખાડી રહ્યો હતો.

ઢાલ વધુ ને વધુ જોરથી ઢિબાઈ રહ્યો હતો.

ધીબાંગ, ધડીબામ, ધીબાંગ, ધડીબામ !

વાહ રે નટવા વાહ ! યોગી અંતરનો દોર ચૂકે તો તું રમતનો દોર ચૂકે ! ઇલાવર્ધન નગરની કોઈ પણ નૃત્યરાણી

નિશ્ચલ પૃથ્વી પર જે કલાનૃત્ય ન દાખવી શકે, એ તું આ ચંચળ દોર પર ઊંધે મસ્તકે, કદી એક પગે, કદી એક હાથે, આખા શરીરને તોળીને નૃત્યની બહાર દાખવી રહ્યો છે! તારાં અંગ–પ્રત્યંગ ઊછળી ઊછળીને નીચે વાગતા ઢોલની સાથે કેવાં તાલમેળ રચી રહ્યાં છે!

પટહ વગાડતી નટવી પણ ભારે જીવરી છે. એય જાણે નટવાની પરીક્ષા લેતી ન હોય એમ, અવળાસવળા તાલ આપી રહી છે! એના હેમની દીવી જેવા, કંકણોના મૃદુ રવથી રણકતા હાથ જ્યારે પટહ પર ડાંડીનો ઘા કરે છે ત્યારે એ પ્રેક્ષકોનાં હૈયાં પર પણ અસર જમાવે છે. ઢોલ વગાડવાના પરિશ્રમથી એની ભારે વેણીમાંથી અનેક અલકલટો ઊડી રહી છે, ને સેંથીનું સિંદૂર કપાળને રંગી રહ્યું છે.

‘ શું નટ–નટડીની જોડ મળી છે ! ’

નટકુળમાં નટડી તો રૂપાળી હોય–એમાંય આ તો નટ-સમૂહોના સ્વામી લંખિકારની લાડઘેલી પુત્રી લેખા, એટલે એના સૌંદર્યનું પૂછવું શું?

નટ પણ ભારે નમણો છે. લીંબુની ફાડ જેવાં એનાં નયન અને સુકોમળ સુદીર્ઘ બાહુ! કેડનો સુંદર લાંક ને ડોકનો સુરેખ વાંક!

કુદરતના તાપતડકા, ભૂખ–દુઃખ વેઠતા નટોમાં આવો

સુંદર ને નમણો નટ ન હોય! એના આખા દેહ પર કેવું લાવણ્ય દમકી રહ્યું છે! નટડીની દેહશ્રી પરથી ખસેલી આંખ આ રૂપસુંદર નર પર ઠરી જાય છે! રાજકુમારીઓ ને નૃત્ય-રાણીઓ તો એના પર વારી જાય છે! એને ગુપ્ત સંદેશા કહાવે છે.

નટ કહે છે: 'મારી સુરતા એક ઠેકાણે લાગી ગઈ છે. હવે અન્ય કંઈ મને ગમતું નથી!'

'નક્કી કોઈ ખાનદાનનું ફરજંદ હશે,' એક પ્રેક્ષકે કહ્યું.

'ખાનદાનના ફરજંદને તે વળી આવી નટવિદ્યા આવડતી હશે?' બીજા પ્રેક્ષકે શંકા ઉઠાવી.

'અરે, દિલને વીંધીને ચાળણી જેવું કરી મૂકે એવી આ રૂપાળી નટડી પાછળ દેશવટે નીકળેલો આ કોઈ રાજકુમાર કે શ્રેષ્ઠીપુત્ર હશે!' એક ડાહ્યા પ્રેક્ષકે વાતને ચર્ચા–કારની દૃષ્ટિએ ચર્ચી.

રમતનો રંગ બરાબર જામ્યો હતો. દોર હિલોળાઈ રહ્યો હતો. સાથે નટવાનો દેહ પણ—જાણે હાડમાંસ વિનાનો હોય તેમ—હીંચકા ખાઈ રહ્યો હતો. નટવીનું પટહવાદન ભારે જોરમાં હતું. નટવાએ એ જોરમાં દેહને નિરાધાર આકાશમાં ફંગોળી દડાની જેમ ઊંચે ઊછાળ્યો, પણ ત્યાં તો પટહવાદન બંધ કરીને નટવી દૂર જઈને ઊભી રહી ગઈ!

પટહના જોર પર કૂદેલો નટ, પટહ બંધ થતાં, પાંખ કપાયેલા પંખીની જેમ ગુલાંટો પર ગુલાંટો ખાતો, ઊંધે મસ્તકે જમીન તરફ આવવા લાગ્યો. ગજબ કર્યો આ નટડીએ! નટવો બિચારો જીવનો ગયો સમજો!

પ્રેક્ષકોનો જીવ જાણે તાળવે ચોટી રહ્યો.

જનસમૂહ હાહાકાર કરી ઊઠ્યો. અરે, આ નટવીએ તો ભારે કરી. નટવો જરૂર દોર ચૂક્યો. હમણાં એનાં હાડકાં–પાંસળાં તૂટી ગયાં સમજો! નટડી ભારે નઠોર લાગે છે. આમ તે રંગમાં ભંગ પડાતો હશે!

બીજા પ્રેક્ષકે કહ્યું : 'નટડીએ આ નટવાનું ઠંડા પાણીએ કાસળ કાઢ્યું. પોતાનાં રૂપથી પાગલ બનાવી, છેવટે આ છપ્પરપગીઓ આમ જ અનેકોનાં કાસળ કાઢે છે.' લોકવાણીએ રંગ જમાવ્યો.

લોક તો પોતાના ગજથી દુનિયાને માપવા ટેવાયેલું છે. પણ એટલામાં તેમણે પેલા ગુલાંટ ખાતા નટવાને ઠેઠ નીચે આવીને એકદમ ઠેકડો મારીને ઊભો થઈ જતો જોયો, ને તેમનાં હૈયાં રાહત અનુભવી રહ્યાં.

વાહ રે મર્દ! ભારે બચી ગયો મોતના મોંમાંથી આજે તું! સહુના મુખ વાહવાહ કરી રહ્યાં ને હાથપડ્યાં સોનારૂપાનો વરસાદ વરસાવી રહ્યાં.

નટ શાંત રીતે ઊભો રહી, બે હાથ ઊંચા કરીને અને માથું નીચું નમાવીને સહુના ધન્યવાદ ઝીલી રહ્યો.

ઝાંઝરનો ઝણકાર કરતી ઠમકતી ઠમકતી નટવી પાસે આવી અને નટે ખેલ વખતે માથે બાંધેલો રંગીન રૂમાલ છોડવા લાગી. રૂમાલ છોડીને એનાથી નટના મુખ પરનો, પીઠ પરનો પ્રસ્વેદ લૂછવા લાગી.

સિંહની કેશવાળી જેવાં પોતાનાં ઝુલ્ફાં ઉછાળતા નટે પ્રેક્ષકો તરફ જરા આંખ મિચકારીને કહ્યું : 'મહાશયો, નટવી ભારે કઠોર છે !'

આ સાથે લોકવૃંદમાંથી અનેક પ્રકારના આક્ષેપો ઊઠવા લાગ્યા. નટને ધન્યવચન ને નટડીને ઠપકાના પ્રહારો થવા લાગ્યા. કોઈ નટને ઉપદેશ આપતું હોય તેમ કહેવા લાગ્યું : 'અલ્યા નઘરોળ, ઝટ ઘરભેળો થઈ જા. સ્ત્રી કોઈની થઈ છે કે તારી થશે ? આ નટડી નથી, રૂપાળી નાગણ છે.'

આ વેળા લંખીકાર નટ આગળ આવી સહુને પ્રણામ કરતાં કહ્યું : 'પ્રેક્ષક મહાનુભાવો, નટવી નઠોર નથી, નટવો નઘરોળ નથી, અને આ અકસ્માત પણ નથી. આપનાં મન-ચિત્તને ખેંચવા માટે યોજાતો અમારી રમતનો એક પ્રકારમાત્ર છે. નટરાજ ઈલાચી તો અમારા દેહનો પ્રાણ છે. પોતાના પ્રાણને હણે એવો કોઈ મૂર્ખો તમે સંસારમાં જોયો છે ! આ તો બધી રમત !'

નટરાજ લંખીકારના છેલ્લા શબ્દોને પેલી રઢિયાળી નટડીએ પટહ પર જોરથી બે ડાંડીના ઘા મારીને અનુમોદન આપ્યું. નટરાજ ઈલાચીએ નટડીનું નીલાંબર ઉત્તરીય ખેંચી લઈને પોતાની કેડે બાંધતાં ફરી નમસ્કાર કર્યા. પ્રેક્ષકોએ ફરી વાર વાહવાહ ઉચ્ચારતાં સુવર્ણ—રજતનો વરસાદ વરસાવ્યો.

નટસમૂહે પોતાની લીલા સંકેલી લીધી.

[ ૨ ]

આ નટકુળ વન, રણ ને વગડાની વાટો વીંધતું : ગામ, નગર ને રાજમાર્ગ ગજવતું, ઉત્સવરંગ જમાવતું, દેશ દેશ ફરે છે. વટવૃક્ષો નીચે, ખંડેર દેવાલયો પાસે ને મેદાનની હરિયાળી ધ્રો પર એમના કામચલાઉ તંબૂ ઠોકાય છે.

વસંતના વાયરા વાતા હોય, કેસૂડે ફૂલ ખીલ્યાં હોય, ગોવાળો વાંસળી વગાડતા હોય, એવી મનભર કુદરતમાંથી આ નટ અને નટવી યૌવનના બાગમાં રૂપાળાં હાસ્યફૂલડાં ખીલવતાં ચાલ્યાં જાય છે.

કામ ઝબકીને જાગી ઊઠે એવી ઠંડી રાત હોય, પટઘર (તંબૂ)ના ઝીણા પડદાઓમાંથી ગાત્ર કંપાવતી હવા આવતી હોય, ને નવજુવાનીના મદભારથી લચ્યાં પચ્યાં આ જુવાન નટનટડી નજીક નજીક સૂતાં હોય! નીંદ ન પામતી નારીના પગનાં ઝાંઝર ઠમકા લીધાં કરતાં હોય, પુરુષ વારંવાર પડખાં ફેરવતો હોય! પણ બોલવું કેવું? બંનેને અજાચક વ્રત!

એકાંતમાં પણ અંતરનો પવિત્ર દેવ બંને ઉપર ખડી ચોકી કરતો બેઠો હોય !

આકાશ ગોરંભાય ને વિજોગી સ્રીપુરુષો મરવા તૈયાર થાય એવી ઋતુમાં પણ, જુવાનીના કસૂંબલ રંગથી રાતાંમાતાં આ નટવો ને નટડી ઓષ્ઠ બંધ રાખીને–પણ અંતરને બોલતું રાખીને–વર્ષાને વધાવતાં ચાલ્યાં જાય છે.

ઓષ્ઠ ઉપર ભલે માનવી અધિકાર ચલાવે, પણ નાનાશા અંતર ઉપર કોણ–ક્યારે અધિકાર ચલાવી શક્યું છે? નારીનું અંતર પોકારે છે : 'મનવા, એક મીટ તો માંડ !'

નરના હૈયાનો બપૈયો બોલી ઊઠે છે; 'મીટ માંડું તો ખરો, નારી, પણ પછી મનનો મોર હાથ ન રહે !'

નારી પોકારીને કહે છે: 'અરે, રોજ રોજ મારી વેણીમાં ગૂંથવા આ તુષારભીનાં બકુલ પુષ્પો કયો ચોર મૂકી જાય છે?'

નર કહે છે: 'હું પણ એવા જ કોઈ ચોરની ખોજમાં છું, જે રોજ મારા કાજે ચંદન–તેલનાં છલકાતાં કચોળાં મૂકી જાય છે !'

નારીનું અંતર કહે છે: 'નટવા, જળ વિનાની માછલીની ગત જાણે છે ?'

સામેથી જાણે જવાબ મળે છે: 'જાણું છું, પ્રેમીના મનની ગત જેવી !'

'પણ આપણી ગત તો એથીયે ભૂંડી છે. આ તો ભર્યાં સરોવરમાં મીન પ્યાસી બેઠી—એવું છે.'

'જાણું છું. મારી સાધેનાનું, મારી સુરતાનું લક્ષ તું જ છે, સુંદરી! કુલગૌરવ ને સ્વધર્મ તારે કાજે જ તજ્યાં છે. વગર અપરાધે દેશવટે નીકળ્યો છું. તરુણી, તું તો મારા મનનો મોર છે. તારે કાજે એક શું, અનેક દેહ અર્પણ કરું. પણ હું પ્રેમી છું—કામી નથી. તપસ્વી પણ ક્યારેક ખાય છે, છતાં એનું તપ ચાલ્યું જતું નથી. તારા દેહની મને ભૂખ હશે —અંતરના રૂપની ભૂખ એથી વધુ છે. તને જોઈ અને મારી સુરતા તારામાં લાગી ગઈ. તારા બાપ સાથે બોલે બંધાયો છું. એ સગે હાથે તને સોંપે, પછી તો તું ને હું....' નરના અંતરે દાંત કચકચાવતાં કહ્યું.

'ઘેલા પુરુષ! મને તારી દયા આવે છે. મારો બાપ નટકુળનો રાજા છે, ને રાજાનું અંતર તો કપટી હોય! એ મારો હાથ તને ઝટ નહીં સોંપે. એને મન તું તો પરદેશી પોપટો છે! કાલે મારાથી ધરાઈ જા, ને પાછો તારે ઘેર ચાલ્યો જા તો? મારો બાપ તો કહે છે કે લાડવો દેખાડવો સારો, પીરસવો ખોટો. પીરસ્યો એટલે ત્યાં પૂર્ણાહુતિ થઈ સમજો!'

'તોય શું સુંદરી! સુરતા જેને લાધી એને મન પ્રીતનું અંતિમ પ્રીત જ છે, તારું રૂપ મને તારા તરફ ધકેલે છે, પણ નીતિનું બંધન મને પાછો હડસેલે છે! બુદ્ધિ કહે છે કે, નટડા,

મિયાં–બીબી રાજી, પછી શું ? હૃદય કહે છે કે, ના, નીતિ ન છંડાય ! તું કામી નથી, પ્રેમી છે ! તું સ્વાર્થ સાધુ નથી–સાધક છે. વળી સુંદરી ! પરોપજીવી હતો ત્યાં સુધી કામ પીડતો, શ્રમજીવી થયા પછી એ પણ પીડતો નથી. કદાચ તું ન મળે, અને મારી ભવોભવની સાધનાનું ધન તું બની જા, તોય શું ? મહેનત માથે નહિ પડે. તારી સુરતા લાગી ત્યારથી સંસાર પરથી આસક્તિ ઊઠી ગઈ છે. લોક મને કહેતું : ‘ નટડી રૂપાળી હોય છે, એનું અંતઃકરણ રૂપાળું હોતું નથી.’ મેં કહ્યું કે સાધક તો પાષાણમાં પ્રભુ પ્રગટાવે. મારી સાધના એના અંતરને પણ રૂપાળું બનાવી દેશે. લોકવાણી હતી કે દેહના રૂપને માટે માત્ર ધન કે લાગવગ જોઈએ, ધર્મ નહિ. તારા પિતાએ ધર્મ માગ્યો. તારે કાજે મેં મારો અમુલખ ધર્મ પણ આપ્યો.’

આમ ઓષ્ઠ બંધ રાખતાં છતાં, રોજ રોજ અંતરની ગોઠડી માંડતાં આ જુવાન નટ–નટડી પોતે નાચતાં ને લોક-હૈયાં નચાવતાં પ્રેમના દોર ગૂંથે જાય છે.

નટરાજ લંખીકાર આ દેવતાઈ જોડી પર ખુશ છે. બંનેનાં રૂપગુણનાં વખાણ કરે છે, પણ વિવાહની વાત કરતો નથી ! પોતાની પુત્રી લેખા ને આ જુવાન નટ ઈલાચી સાથે હરે–ફરે, મર્મમાં મશ્કરી કરે, એકાંતે હૈયાંને બોલાવે એમાં વાંધો લેતો નથી. માત્ર દેહની ભૂખ ભાંગવાની આડે એ દીવાલ

જેવો કઠોર ને સજાવેલી છરી જેવો તીક્ષ્ણ થઈને ખડો છે!

ભોળી નટવી જાણતી નથી કે પિતા શા માટે ઘી અને અગ્નિને ભેગાં કરે છે, અને પછી દુરાગ્રહથી એને અલગ અલગ જાળવે છે!

એક વાર એકાંતે નટડીએ નટવાને કહ્યું : 'હેમંતની લાંબી રાત કેમે ટૂંકી થતી નથી! હે ચતુર નર! કોઈ સુંદર કથા ન કહે!'

'કથા-વાર્તા ને કાવ્ય-પુરાણ બધું ય તારી પાછળ વિસાર્યું.'

'તો તારી જ કથા કહે ને ઓ પરદેશી!'

'હે સુંદર નાર! તો સાંભળ મારી વાત!'

[ ૩ ]

નટ વાત આરંભે છે. આકાશનો ચંદરવો છે. તારાના ઝાંખા દીપ છે. લીલી હરિયાળી પર નર ને નાર બેઠાં છે. નારી હડપચીએ હાથ થંભાવી, નયન માંડીને વાત સાંભળે છે!

"હે સજની! ઇલાવર્ધન નગરના ઇભ્ય શેઠને બધી વાતે લીલાલહેર હતી. ઓછપ હતી માત્ર એક વાતની! એને ત્યાં કુળની વેલ વધારનાર દીકરાની ખામી હતી.

કોઈ મુનિએ કહ્યું કે નગરરક્ષિકા દેવી ઈલાચીની ઉપાસના કરો. હૈયાના કોડ એ પૂરા કરશે.

શેઠે ઈલાચી દેવીની ઉપાસના આદરી. સાથે નિર્ણય કર્યો કે 'પુત્ર થશે તો નામ પણ ઈલાચી જ રાખીશ, હે મૈયા !'

ભાગ્યને કરવું તે શેઠને ત્યાં પુત્ર જન્મ્યો. તેનું નામ પણ ઈલાચી રાખ્યું. પણ આ સંસારમાં બધી વાતે કોને સુખ છે, કે ઇભ્ય શેઠને હોય ? કલૈયા કુંવર જેવો દીકરો મળ્યો, પણ દી વાળે તેવો ન નીકળ્યો.

પુત્રને જુવાની પાંગરી હતી, પણ એનો આકર્ષણનો છોડ વણપાંગર્યો રહ્યો હતો. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ: સંસાર–સાધનનાં આ ચાર પગથિયાંમાંથી દીકરો જઈ ને છેલ્લે –ચોથે પગથિયે બાઝ્યો હતો. જે ઉંમરે ચંદ્રમાં ચંદ્રમુખી દેખાય, મૃગબાળના મોટાં નેત્રમાં મૃગાક્ષીના દેદાર દેખાય, એ ઉંમરે વિરક્તિ ને વૈરાગ્યની, મુક્તિની ને મોક્ષની ચર્ચામાં એ નિમગ્ન બન્યો હતો. એ સુવર્ણને માટી કહેતો; દેહને ગંદકીનો ગાડવો કહેતો; વેપાર–વાણિજ્યની અઢળક દોલતને પરિગ્રહનું પાપ લેખતો. અસત્ય નહિ, ઓછું અદકું લેવુંદેવું નહિ, ખોટી સાક્ષી નહિ ! રૂપનો તો ભંડાર, પણ કોઈ રૂપવતીમાં એનું આકર્ષણ જ નહિ ! યૌવનસુલભ ચંચળતાનું નામો-નિશાન નહિ !

આવો સંન્યાસી જેવો પુત્ર ઇલાવર્ધનના મહાન શ્રેષ્ઠીની પરંપરાને કઈ રીતે જાળવે ? એની અઢળક સંપત્તિને એ નિર્લોભી કઈ રીતે રક્ષી શકે ?

પિતાએ શહેરની સૌંદર્યવતી બેચાર કુમારિકાઓને નિમંત્રી! પણ પુત્રની નજરમાં તો સ્વર્ગની નિત્યયૌવના દેવ-કન્યાઓ રમી રહી હતી. અરે, જેમાં વારંવાર જન્મમરણ રહ્યાં છે, અરે, જ્યાં યૌવન ને જરાનો સદા ભય લાગેલો છે, એવા દુન્યવી પ્રેમમાં શું સાર! કુમારિકાઓ પોતાના સૌંદર્યનું અપમાન પામી પાછી ફરી.

પિતા પોતાના પુત્રને આમ અકાળે વિરાગી બનતો જોવા ઇચ્છતા નહોતા. એમણે એનો વિષયરાગ વધારવા લપંટ મિત્રો ને કામસૂત્ર પઢાવનાર પંડિતોને નિમંત્ર્યા. શૃંગાર રસની–કામરસની નદી ત્યાં વહી રહી, પણ આ ઈલાચી નામનો પથ્થર ન ભીંજાણો તે ન ભીંજાણો. બલ્કે દુષ્ચરિત મિત્રોમાંથી અનેક સચ્ચરિત બની ગયા, ને વિદ્યાના નામને લાંછન લગાડ-નાર એ કામસૂત્રના પંડિતો શરમાઈને ચાલ્યા ગયા.

પિતા સમજાવતા: 'બેટા, પ્રથમ અવસ્થાને યોગ્ય વિદ્યા તેં ઉપાર્જન કરી. હવે બીજી અવસ્થાને યોગ્ય સ્ત્રી ને ધન પ્રાપ્ત કર! સંસારના ધર્મ, અર્થ ને કામ–આ ત્રિવર્ગ તારે અદા કરવા પડશે ને!'

'પિતાજી, મને ધનમાં સ્પૃહા નથી, કામમાં રસ નથી. પાપના મૂળ જેવી સંપત્તિ ને ગંદકીના ગાડવા જેવા સૌંદર્ય-દેહોમાં મારી રુચિ નથી! એમાં મારું મન ખૂંપતું જ નથી!'

પણ ગર્વ કોઈનોય રહ્યો છે, કે ઈલાચીનો રહે. આ ગર્વ વચનો ટૂંક સમયમાં જ ખંડિત થવાનાં હશે. એકદા વસંતની ઋતુ બેઠી હતી. ઇભ્યનગરના વસંત વનમાં નટ રમવા આવ્યા. ઈલાચી મિત્રો સાથે ત્યાં ગયો. નટ નાચતા હતા, ને નટડી નૃત્ય કરી રહી હતી.

ઈલાચીની નજર નટડી ઉપર સ્થિર થઈ ગઈ. જાણે સ્વર્ગનું રૂપ લઈને અપ્સરા પૃથ્વી પર રમવા આવી હતી! ઉંમર તો નાની પણ રૂપ તો છલકાતાં હતાં. શું એનું રૂપ! શું એની છટા!

ચાર આંખો ભેગી થઈને હૈયાં હાલી ગયાં.'

ઈલાચીની વાત અડધે થંભાવતી નટડી લેખા હસી: 'વારુ, આગળ ચલાવો. નટડી કેવી હતી તે હું જાણું છું. વાતમાં મોણ ન નાખો.'

'વચ્ચે ન બોલો; કથાકારને એની કહાણી પૂરી કરવા દો.' નટે કહ્યું ને પોતાની વાત આગળ લંબાવી:

'આખરે જે હૃદયકુંભ અક્ષય હતો, તે એ દિવસે ભેદાઈ ગયો. ઈલાચીને માનવભવની સાર્થકતા એ માનુનીમાં દેખાઈ. મોક્ષ પણ એની પાસે તુચ્છ ભાસ્યું. અર્થ ને ધર્મની તો સ્પૃહા જ શી રહે.

ઈલાચીના શ્વાસોશ્વાસમાં એ સુંદરી આવી વસી. એ તૃષા

ભૂલ્યો, ક્ષુધા વીસર્યો! જીવનમાં જાણે એના વિના રસ ન રહ્યો. ક્યાં પેલી નટડી ક્યાં મૃત્યુ: એ બે સિવાય કોઈ ઝંખના જ ન રહી!

પિતાને પુત્રના પ્રેમની જાણ થઈ ત્યારે ભારે આઘાત લાગ્યો. સારા સાધ્ય માટે પણ નઠારાં સાધનોના ઉપયોગમાં રહેલું જોખમ શેઠે એ વખત જાણ્યું! પુત્રને પોતે જ ન જોવાનું જોવા, ન જાણવાનું જાણવા, ન શીખવાનું શીખવવા પ્રેરણા કરી હતી! હવે હાથનાં કર્યાં હૈયે વાગતાં હતાં. પુત્રને એમણે કુલ, શીલ, સન્માર્ગ વગેરે અનેક દુહાઈઓ આપી: લાંછના, તિરસ્કાર ને અપમાનનો પણ ભય બતાવ્યો, અને છેલ્લે છેલ્લે કહ્યું:

'ઈલાચી, આ અકાર્યથી તારે ભારે શોષવું પડશે. તું ક્યાંયનો ન રહીશ. દીકરા, શ્વાનની જેમ હડધૂત થઈશ, ભિખારીની જેમ ઘરઘરનો યાચક બનીશ, જંગલી જાનવરની જેમ ઘરબાર વગરનો આ જંગલથી પેલે જંગલ ભમીશ. હજી કહું છું, માની જા બેટા! આ નટડીથી નવ્વાણું પ્રકારે શ્રેષ્ઠ કન્યાઓ લાવી દઉં!'

ઈલાચીએ માત્ર એટલો જ ઉત્તર વાળ્યો: 'પિતાજી, અંતરનો કુંભ ભેદાઈ ગયો, હવે એમાં શિખામણનું જળ કેમ રહેશે?'

પિતાએ પુત્રને દૃઢાગ્રહી જોઈ નટસ્વામી લંખિકારનો

બોલાવ્યો. લંખિકાર જમાનાનો ખાધેલ આદમી હતો. શેઠે કહ્યું: 'લંખિકાર, તારી પુત્રી દે, જોઈએ તેટલું ધન લે!'

'શેઠજી, પુત્રી વેચાય નહિ; એ તો નાડાછડી ને શ્રીફળ બાંધી આપી દેવાય. નટકન્યા કોઈની રખાત નથી, કોઈ વારવનિતા નથી, કે પણ્યાંગના પણ નથી. એને પણ એનું કુળ છે. એને પણ એનું શીલ છે, એવું શીલ કે શ્રીમંતોનાં ઘરોમાં કે રાજપુરુષોનાં અંતઃપુરોમાં અશક્ય છે. એ લાખો કામાતુર આંખો સામે સ્વસ્થ રહે છે, એને કદી સુંવાળા આઘાત લાગતા નથી, એ ચાર આંખો થતાં ઝંખવાતું નથી! મારી પુત્રીના રૂપ પાછળ દીવાના તો અનેક છે; ગામે ગામે મરતા પડ્યા છે. દીપક હોય એટલે પતંગ આવે જ—પણ એથી દીપક બુઝાય નહિ! મારી પુત્રી કોઈ કુશળ નટરાજને વરશે.'

'લંખિકાર, ભાઈ, કોઈ માર્ગ?'

'ના શેઠજી, કોઈ માર્ગ નહિ! માત્ર એક જ માર્ગ! ઈલાચી નટ બને, નટમાં રહે, નટવિદ્યા કેળવે, એ વિદ્યા દ્વારા ધનોપાર્જન કરે!'

'હું એ કરીશ. હું કોલ આપું છું!' ઈલાચી અંદરથી ધસી આવ્યો ને બોલ્યો.

'ઈલાચીકુમાર, હજી મારી વાત અધૂરી છે.' નટરાજે કહ્યું. 'નટવિદ્યા દ્વારા ધન પેદા કરે એ તો પ્રાથમિક શરત છે. પણ

મારી પુત્રી સાથે પાણિગ્રહણ કરવું હોય તો એક ભૂપને રીઝવી ઈનામ મેળવવું પડે. એવા નટ સાથે મારી પુત્રી વરે તો વરે.'

'બધુંય મને મંજૂર છે,' ઈલાચીએ કહ્યું.

'કુમાર, તમારો મોહ એટલો ઉત્કટ છે કે મારી બધી વાત કબૂલ કરશો, પણ નટવિદ્યા એમ સહેલી વસ્તુ નથી. અનેક હાર્યા તેમ હારીને ચાલ્યા ન જાઓ. મારી પુત્રીને અન્ય છોકરીઓ જેવી લોભલાલચમાં આવી જનારી ન માનશો અને અમને કોઈની પણ બેન દીકરીને ભોળવીને લઈ જનાર તરફ દયા દાખવનાર પણ ન જાણશો. દીકરીને ભવનો રંડાપો આપીશું, પણ છેતરનારને જીવતો નહિ જવા દઈએ. અમે તો જંગલવાસી. અમારાં માપતોલનાં કાટલાં સાવ જુદાં.'

'નટરાજ, સર્વસ્વ તજીને આવું છું. નાસવાની એક પણ બારી રાખ્યા વગર આવું છું. એટલું જ નહિ, એ પહેલાં કામભાવે તમારી પુત્રીને સ્પર્શું તો–અરે, ચિત્તથી પણ ચળું તો–ચીરી નાખજો મને ઊભો ને ઊભો!'

એ દિવસે ઈલાચી ભર્યું ઘર, માતાનો વહાલો ખોળો, પિતાનો વારસો, કુટુંબીમિત્રોનો જથ્થો ને દોમદોમ સાહ્યબી છાંડી નટ બન્યો; કોઈનો મનાવ્યો ન માન્યો.

સાધનાનાં વર્ષો વીત્યાં. ઈલાચીકુમાર નટવિદ્યા શીખ્યો–નટરાજ બન્યો. સુવર્ણનો વરસાદ વરસાવ્યો. બસ, હવે એક

ભૂપતિને રીઝવી લે, એટલે એનું સ્વર્ગ હથેળીમાં છે! બાર-બાર વર્ષની સાધનાનું ફળ હવે જાણે હાથવેંતમાં છે!"

નટરાજ ઈલાચીએ વાત પૂરી કરી.

નટવીના હૈયામાં ઠંડી રાત કટારી ભોંકી રહી હતી. એણે હાથ લંબાવ્યા, ને ખેંચી લીધા! ઓષ્ઠ ખોલ્યા ને બીડી દીધા. એણે પોતાનાં જ હાથથી પોતાના દેહને આશ્લેષ આપતાં કહ્યું.

'....તો નટવા, શું તું રાજાને રીઝવવા નૃત્ય કરે છે?'

'મંદિરનો પૂજારી દેવની પ્રતિમા આગળ પૂજા–નૈવેદ્ય ધરે છે, એ શું પેલી પથ્થરની તુચ્છ પ્રતિમા માટે હોય છે, કે એની પાછળ વિરાજતા પવિત્ર પ્રાણ માટે હોય છે? લોક તો મૂર્ખ છે. એ જાણતાં નથી કે હું કોને માટે નાચું છું!'

'નટવા, ચાલ ત્યારે બેનાતટ જઈએ. ત્યાંનો ભૂપાલ ભારે કદરદાન છે. એને રીઝવીએ, પારિતોષિક લઈએ, ને....'

'પાણિગ્રહણ કરીએ!' નટરાજ ઈલાચીએ ઉમેર્યું.

બંનેની વિરહરાત્રિ એમ જ પૂરી થઈ! એક જ ચંદ્રે બંને પર સુધા ઢોળ્યા કરી! એક જ સરોવરને સામસામે કાંઠે બેસીને આ ચક્રવાક ને ચક્રવાકી એકબીજા પ્રત્યે રાગ વધારી રહ્યાં.

[ ૪ ]

બારબાર વર્ષની સાધનાનું ફળ મેળવવા બેનાતટને પાદર નટકુળ પડાવ નાખીને પડ્યું હતું. નટરાજ લંખીકારના હૈયામાં પણ અમૃત સરવાણી જાગી હતી. એ હવે આ સાચુકાં ને વ્રતધારી જુવાન હૈયાંને વધુ ઝુરાવવામાં પાપ માનતો થયો હતો !

એ નિઃસંદેહ વાત હતી કે ઈલાચી આજ રાજાને રીઝવી લેશે ને પુરસ્કાર મેળવી લેશે. એણે પોતાની નટની નાતને પણ અગાઉથી તેડાં મોકલી દીધાં હતાં.

નટડીએ ઇંગુદીરસ નાખીને નટવાના વાળ હોળ્યા હતા, અને પોતે પણ નટવાએ આણી દીધેલાં પારિજાતક વેણીમાં ગૂંથી, કપાળે ખોટા હીરાની દામણી બાંધી, આસમાની ઓઢણું ઓઢી, કમરે ખોટી સુવર્ણની કટિમેખલા બાંધી હતી. બે હાથે સુવર્ણકંકણ ચઢાવ્યાં હતાં, ને પગે ઘૂઘરીઓનો ધમકાર રાખ્યો હતો. પટહને ખૂબ તપાવી ઘસી ઘસીને રણકતો કર્યો હતો.

બંનેએ આંખે કાજળ આંજ્યું !

ભાલમાં બંનેએ એકબીજાને કંકુનો ચાંલ્લો કર્યો.

રાજચોકમાં નટોએ ઊંચો ઊંચો દોર ખડો કરી દીધો. પુરજનો ને સામંતજનો આવી ગોઠવાઈ ગયા. ગવાક્ષમાં રાજરમણીઓ પણ આવીને બેસી ગઈ.

યોગ્ય કાળે રાજાજી પણ આવ્યા. તેઓએ સિંહાસન પર સ્થાન લીધું કે પણવ, ભેરી ને મૃદંગથી વાતાવરણ ગાજી રહ્યું. નટડી ઠમકાર કરતી, મેઘભર્યા આકાશમાંથી ચાંદની ઝરી આવે તેમ આગળ આવી. એણે પટહ પર ડાંડીનો ઘા કર્યો કે અન્ય વાજિંત્રો શાન્ત થઈ ગયાં. અને પ્રભાતના આકાશમાં સવિતા-નારાયણ આવે એમ, યૌવનના તેજથી ઝળહળતો, ઈલાચી ઠેક દેતો દોર પાસે આવ્યો.

નટવાએ અને નટડીએ ઝૂકીને રાજાને પ્રણામ કર્યા, ને સાથોસાથ નટે દોર પર ઠેક દીધી. દડો ઊછળે એમ ઊછળીને દોર પર! વાહ નટ વાહ! ચારે તરફથી પ્રશંસાનો ધ્વનિ ઊઠયો!

પગ વડે તો સામાન્ય નટ પણ દોર પર ચાલે! નટવીએ ઉપર ચાખડી ફેંકી; ઈલાચીએ ઝીલી લીધી ને નૃત્યમાં ભંગ પાડયા વગર પહેરી લીધી. પણ આટલુંય જાણે બસ ન હોય તેમ, ઢાલ ને તલવાર અપાયાં. ઈલાચી નાજુક દોર પર રણાંગણમાં લડતા લડવૈયાની જેમ દાવપેચ ને પટાબાજી દાખવવા લાગ્યો.

ધન્ય! ધન્ય! ચારે તરફથી શાબાશીના પોકારો ઊઠવા લાગ્યા. નટડી ધીરું ધીરું ગૂંજી રહી હતી:

ઠમક ઠમક પાયલ બાજે!<br>
ચમક ચમક દામિની રાજે!

નટરાજે અદ્ભુત અસિનૃત્ય કરી બતાવ્યું. પણ રે! રાજાજી કેમ કંઈ બોલતા નથી. આખરે નૃત્ય પૂરું થયું ને નટરાજ ઈલાચી નીચે ઊતર્યા. પ્રણામ કરી પારિતોષિક માગ્યું!

રાજા કહે: 'રાજકાજના વમળોમાં અટવાયો હતો. દેહ ભલે અહીં હતો, પણ ચિત્ત બીજે હતું. કાલે તમારો ખેલ ફરી જોઈશું.'

નટસમૂહ વાહ વાહ કરતો પાછો ફર્યો. નટરાજ ઈલાચી પાછળ શહેરમાં આંખોનાં તોરણ બંધાયાં. શું જુવાની! કેવું રૂપ! કેવી કલા! કાગડાઓમાં હંસ તો ભૂલો નથી પડ્યો ને!

બીજે દિવસે બમણા ઉત્સાહથી નટસમૂહ રાજચોકમાં રમત રમવા લાગ્યો. નટરાજ ઈલાચીએ આજે તો કટારીઓનો ખેલ કરી બતાવ્યો. અદ્ભુત! આજ સુધી આવી નટકલા કોઈએ નીરખી નહોતી. પણ રાજાજીએ આજે પણ પારિતોષિક ન આપ્યું; સિરદર્દનું બહાનું કાઢ્યું.

ત્રીજે દિવસે પણ એવું જ બન્યું. ઈલાચી જેમ જેમ પારિતોષિક માટે અધિક પ્રયત્ન કરતો ચાલ્યો, એમ એમ કદરદાન રાજા વાત લંબાવતો ચાલ્યો.

નટરાજ ઈલાચી કારણની શોધમાં પડ્યો, અને તરત જ જણાયું કે રાજા પણ પોતાની જેમ રૂપનો રોગી બન્યો છે. જે સુંદરીના મોહે હું હીણો બન્યો, એના જ મોહમાં રાજા પણ પડ્યો છે!

રાજાની આંખો નટવીની રૂપમાધુરી પર મંડાઈ છે! એણે પરિચારકો પાસેથી અંદરનો ભેદ જાણી લીધો છે. એને જાણ થઈ હતી કે પુરસ્કાર આપીશ તો આ પદ્મિની હાથથી જશે!

ઈલાચીએ નટવીને વાત કરી! નટડીએ કહ્યું: 'એમ કોઈની નેત્ર—કટારીથી મરું એવી હું નથી. ચિંતા ન રાખીશ. ચક્રવર્તી પણ મને પોતાની બનાવી નહિ શકે. તારી સાધના મારા માટે હતી. મારું સાધ્ય તું થઈ ગયો છે. હવે તો જનમજનમનાં સાથી, નટવા! ચાલ એક વાર ફરી દોર પર ચઢી જા!'

ઉત્સાહિત નટવાએ ફરી એક વાર દોર પર અદ્ભુત નાટારંભ આદર્યો. પણ રાજા તો પાષાણના થંભની જેમ ડોલતો જ નથી!

નટરાજ ઈલાચીએ મૂંઝવણમાં દોર પરથી ચારે તરફ વ્યાકુળ નજર નાખી: યોગી પર્વતશૃંગ પરથી પૃથ્વીને નિહાળે તેમ! અને એક સુંદર દૃશ્ય એની આંખને સ્પર્શી રહ્યું.

પાસેની જ હવેલીમાં એક તરુણ યોગી ભિક્ષા માટે આવીને ઊભા છે. હાથમાં મોદકનો થાળ લઈને પાંગરતી તરુણાવસ્થાવાળી નવયૌવના સામે ખડી છે. તરુણીનું રૂપ એવું છે કે એક વાર નીરખાય, તોય આંખોની સાર્થકતા થઈ જાય. પણ ભૂમિ તરફ નજર ઢાળીને ઊભેલા યોગી એક પલક પણ ઊંચી કરતા નથી! ઈલાચીએ વિચાર્યું: કંચન અને

કામિનીનો જીવનમાં કેવો વિવેક! અને હું? કંચન તજી શક્યો તો કામિની મને લોભાવી ગઈ!

નટરાજ ઈલાચીના હૈયામાં નવી વિચારણાનો ઉદય થઈ રહ્યો છે: 'મેં મોહી બની જીવનનાં સર્વ કાજ–સર્વ કર્મ વિસરાવ્યાં. રમણીના સુંદર આત્માની નહિ; પણ એના નશ્વર દેહની મોહિનીએ મને ભુલાવ્યો. મારું પરાક્રમ, મારું યૌવન, મારી વિદ્યા એક નશ્વર સિદ્ધિ પાછળ વ્યર્થ વહી ગયાં! હું અધમાધમ બન્યો. રાજાને રીઝવતાં આત્માને ખીજવ્યો, એટલે હું સ્મશાનના શ્વાનની જેમ શાન્તિ ન પામ્યો!'

ઈલાચીનાં આત્મજ્ઞાન આડેનાં આવરણો હઠી ગયાં. એ દોર પર સ્તબ્ધ બની ગયો. રાજાએ કહ્યું: 'નટરાજ, નૃત્ય કેમ થંભાવ્યું? પારિતોષિક નથી લેવું?'

'રાજાજી, હવે કયો નાચ તમને બતાવું? હું ખુદ એક એવો નાચ જોઈ રહ્યો છું, જેમાં તમે નાચો છો, હું નાચું છું, નટડી નાચે છે: આ સભા અને આખો સંસાર જેમાં નાટક કરે છે. આસક્તિનો કેવો અપૂર્વ નાચ! પિતાએ પુત્રની આસક્તિ પાછળ શું શું ન કર્યું! એમની આસક્તિ મારામાં તો મારી આસક્તિ નટકન્યામાં! સહુ આસક્તિના દાસ બન્યા! અને રાજાજી, માફ કરજો, એ કન્યામાં તમારી આસક્તિ જાગી! ચતુર પંખી, ભરેલું સરોવર છાંડી, નાનકડા ઘડા પર ચાંચ

બોળવા બેઠું ! ધિક્ છે મને ! ધિક્ મારા યૌવનને ને ધિક્ મારા બળને !

'કલાને મેં વિષયી જીવોની દાસી બનાવી ! જ્ઞાનની પાસે રાજસ લોકોની ચરણસેવા કરાવી, પ્રીતિનું અંતિમ પ્રીતિ એમ હું માનતો. આજે સમજું છું કે સંયમમાં જ સૌંદર્યની સાચી ખૂબી છે. આજ સુધીનો મોહભર્યો પ્રેમ અકૃતાર્થ હતો. આજ મંગળમય પ્રેમ કૃતાર્થ બને છે ! તમ સહુને પ્રણામ !'

'ઈલાચીકુમાર, આ રહ્યો તમારો પુરસ્કાર !' રાજાએ બૂમ પાડી, 'હું તમારા મોતની તાકમાં હતો. વધુ હોંશિયારી બતાવતાં દોરીથી પડો એની રાહમાં હતો. મારી દુષ્ટતાને માફ કરો ! ભૂલી જાઓ !' ઈલાચીની સ્પષ્ટ વાતોએ રાજાની બુદ્ધિ ઉપરનો મોહનો પડદો હટાવી દીધો હતો.

'રાજાજી, મારાં નેત્ર પડળ ખુલી ગયાં છે. કાલે મને જે દુષ્ટતા દુર્ગુણ તરીકે લાગતી હતી, આજ રોગરૂપે લાગે છે. સંસાર આખો રોગી બન્યો છે. રોગી તરફ ક્રોધ ન હોય, આપણી દયાનો જ એ હકદાર ! નટ ઈલાચી હવે મરી ગયો. એને હવે ગમે તેવા દાનથી નહિ રીઝવી શકાય. મારામાં કોઈ અજબ જ્યોતિ ઝગી ઊઠી છે — જે જીવનના ખૂણેખૂણાને, સંસારના પ્રત્યેક કોણને ઉજાળી રહી છે. ફરીને તમ સહુને આ દોર પરથી જ પ્રણામ ! તમારી સહુની પ્રેમભરી વિદાય યાચું છું.'

'શું મને છોડી જશો ?' નટવીએ કહ્યું.

'એક દિવસે તો સહુને સંસાર છોડવાનો જ છે. આ દેહ તો ગમે ત્યારે છાંડવાનો જ છે. આત્માનો પ્રેમ કદી છાંડયો છંડાતો નથી. નટવી, આત્મપ્રેમી થા !'

'હું આત્મપ્રેમી બની રહી છું. મારી દેહક્ષુધા શમી ગઈ છે ! વહાલમ, એક ક્ષણ પણ તમને અળગા કરવા તૈયાર નથી. સંસારનું નાટક જોઈ લીધું. હું પણ ચાલી નીકળવા તૈયાર છું.'

અને લોકોએ જોયું કે બે મહાન આત્માઓ ભરી પરિષદ-માંથી ચાલી નીકળ્યા ! અનેક અંતર ઓશિયાળાં બની ગયાં.

નટરાજ ઈલાચીએ એવું ભવનૃત્ય નાચી બતાવ્યું કે રાજાને પોતાના કૃત્યનો પશ્ચાત્તાપ થયો ને સિંહાસન તજી એ ત્યાગી–સંન્યાસી બન્યો ! સાચા સૌંદર્યની એ દિવસે એને પણ જાણ થઈ.

નટરાજ ઈલાચીએ એ દિવસે જે નાટક ભજવ્યું એનાથી એણે અનેકને તારી દીધાં.

□

# ૨

# નાનો અને મોટો

જૂના વખતમાં બે ભાઈ થઈ ગયા. બંને ડાહ્યા, વિવેકી, સમજુ અને શૂરવીર હતા. એમનું બોલવું તે કેવું ? મોંમાંથી જાણે અમી ઝરે ! વર્તન તે કેવું ? આપણે વારી જઈએ તેવું !

એક વાર બે વચ્ચે ઝઘડો થયો. શું ઝઘડો ! શું ઝઘડો ! ન પૂછો વાત ! જ્યાં કદી ઝઘડો ન થતો હોય, ત્યાં થાય એટલે પછી બાકી જ શું રહે ? કોઈ દિવસ ન લડનારા કોઈ દિવસ લડે એટલે જોવા જેવી થાય !

એ બે ભાઈઓનાં નામ ભરત અને બાહુબલી. ભરત ઉપરથી ભરતખંડ કહેવાયો. એ ચક્રવર્તી રાજા હતા. એમના ભાઈ બાહુબલી તક્ષશિલાના રાજવી હતા.

આવા બે ભાઈ રાજને માટે લડવા બેઠા ! અરે ! રાજ પણ બાપે યોગ્ય રીતે વહેંચી આપેલાં હતાં. આ તો મોટુ કોણ, એ વાતમાં લડવા બેઠા. લડાઈ વસ્તુથી થતી નથી, મનથી થાય છે. જેને લડવું જ નથી, એ કદી લડતો નથી; અને લડનારને લડવાનું તો જ્યાં–ત્યાં મળી જ રહે છે.

આ બે ભાઈ કંઈ જેવા તેવા નહોતા. એમનું કુળ પણ કેવું ? ઈક્ષ્વાકુનું ! એમના પિતા પણ કોણ ? જેમણે દુનિયામાં

પહેલી વ્યવસ્થા આણી, પહેલા આચાર આણ્યા, લોકોને વનવાસીમાંથી નગરવાસી બનાવ્યા એ ભગવાન ઋષભદેવ! એમણે સંસારમાં પહેલું રાજ સ્થાપ્યું. પહેલા રાજા થયા. જેવા પહેલા રાજા થયા, એવું બધું ત્યાગીને પહેલાં સંન્યાસી થયા એવા મહાન પિતાના આ ભરત અને બાહુબલી પુત્રો!

એમની બહેનો પણ કોણ! સ્ત્રીઓની સર્વ વિદ્યાઓની જાણકાર સુંદરી અને અક્ષરજ્ઞાનનો પહેલવહેલો પ્રચાર કરનાર બ્રાહ્મી! આવા મહાન કુળના, મહાન પિતાના પુત્રો, વિદુષી બહેનોનાં ભાઈઓ લડવા બેઠા! કહ્યું છે, કે મોટાની હોળી મોટી!

રાજા ભરત ભારે પરાક્રમી હતો, એણે દુનિયા જીતવા માંડી હતી. જોતજોતામાં નવે ખંડ જીતી લીધા. આ પારથી પેલે પાર સુધી પોતાની આણ વર્તાવી. લોકોએ એને ભરત ચક્રવર્તીનું બિરુદ આપ્યું. જીતી કરીને તે પાછો ફર્યો, ઘણો મોટો મુલક એણે પોતાને તાબે કર્યો. બાપથી બેટા સવાયા તે આનું નામ!

આમ રાજા ભરત પાછા આવીને પોતાના ચક્રવર્તીના સિંહાસન પર બેસવા જાય છે, ત્યાં એમના સેનાપતિએ એમને રોકયા. એણે કહ્યું : 'થોભો મહારાજ, આપનું ચક્ર હજી નગરની બહાર ઊભું છે. આપે નવ ખંડ જીત્યા, પણ હજી થોડું જીતવાનું બાકી છે.'

રાજા ભરત કહે : 'અરે, આટ આટલું જીત્યું તોય હજી બાકી રહ્યું ? કે પછી તમને બધાને લડવાની ટેવ પડી ગઈ છે!'

સેનાપતિ કહે : 'મહારાજ, એવું નથી. આપના નવાણું ભાઈઓએ હજી આપની આજ્ઞાનો સ્વીકાર ક્યાં કર્યો છે? આપની તાબેદારી ક્યાં કબૂલ કરી છે?'

રાજા ભરત કહે : 'એ તો મારા નાના ભાઈઓ છે. મારી આજ્ઞામાં જ કહેવાય ને? નાનાભાઈ મોટાભાઈ વચ્ચે તાબેદારીના તે કંઈ લેખ થતા હશે! એમની પાસે વળી કબૂલાત કેવી?'

સેનાપતિ કહે : 'મહારાજ! પણ આ તો રાજરંગ! રાજાને ન કોઈ સગું કે ન કોઈ ભાઈ-ભાંડું! સહુ એને સરખા. એમાંય રાજાએ તો સગાઓથી ખાસ ચેતવાનું. વળી જો તેઓ આપને વડીલ ગણતા હોત, આપની આજ્ઞા માનતા હોત, તો આ ઉત્સવમાં હાજરી ન આપત?'

સેનાપતિએ ભાઈઓ વચ્ચે ખરી સળગાવી! રાજા ભરતને એની વાત વાજબી લાગી. તરત પોતાનો દૂત રવાના કર્યો. અઠ્ઠાણું ભાઈઓ તો ભરતદેવના હુકમથી ડરી ગયા. જીવના લોભી એ વિચારવા લાગ્યા: અરે, ચક્રવર્તીની સેનાની સામે થઈએ તો આપણને માખીની જેમ મસળી નાખે. ક્યાં ભરતની શક્તિ ને ક્યાં આપણે? છતાં એક વાત નક્કી છે. આપણે આવા ભાઈના તાબેદાર બનવું નથી. રોજ ડરાવ્યા

કરશે. ચાલો, પિતાજી પાસે જઈએ, ને તેમના જેવા સાધુ થઈ જઈએ. બધી લપ છૂટી જાય.

એ તો નાઠા; જઈ પહોંચ્યા પિતાની પાસે, લઈ લીધો વૈરાગ, થઈ ગયા સંન્યાસી. લોકો કહે : 'બાપ પાસે જવા કરતાં ભાઈ પાસે ગયા હોત તો બધું પતી જાત ને!' માણસ બધું છોડે, પણ એનાથી માન ઝટ ન છોડાય. ઝઘડો પડ્યો એટલે કોણ ભાઈ ને કોણ બાપ! જાણે કોઈ દી આંખનીય ઓળખાણ નહોતી!

આ વાત પતી ગઈ. રાજા ભરત ફરી ચક્રવર્તીના સિંહાસન પર બેસવા જાય છે, ત્યાં તો સેનાપતિ વળી હાજર થયો, વળી એમને રોક્યા, કહ્યું : 'મહારાજ! હજી કામ અધુરૂં છે. વિજય બાકી છે. આપના નાના ભાઈ બાહુબલી આપની અધીનતા ક્યાં સ્વીકારી છે? એમને અધીન બનાવો, પછી સિંહાસને બેસો.'

તરત દૂત રવાના થયો. નાના ભાઈ બાહુબલીમાં નામ પ્રમાણે ગુણ હતા. એ ભારે પરાક્રમી હતો. એણે ભરતના દૂતને કહ્યું : 'અલ્યા મૂરખ! ભરત અમારા મોટા ભાઈ થાય, અમે એના નાના ભાઈ છીએ. એ અમારા વડીલ છે, અમારા પૂજ્ય છે. એમની આજ્ઞા અમારાં આંખ-માથા પર, આમાં વળી સ્વીકાર-અસ્વીકાર શું કરવાનો?'

ભરતનો દૂત કહે : 'તો તમે ઉત્સવમાં કેમ હાજર ન રહ્યા ? ખુલાસો કરો.'

બાહુબલી કહે : 'તુંય ભારે ડાહ્યો લાગે છે. અલ્યા, કદાચ છોકરમત કરી અમે ન આવ્યા, તો મોટાભાઈ ભરતે નાનાભાઈને તેડવા આવવું હતું. મોટાની મોટાઈ કોનું નામ ?'

બાહુબલી માથાનો ફરેલ હતો ! નહિ તો છ ખંડ ધરતીના ધણીને આવો રોકડો જવાબ કોણ પરખાવી શકે ?

રાજા ભરતનો દૂત કહે : 'ભાઈ–ભાઈના સંબંધની વાત હું કરતો નથી, એ તો ઘરની વાત થઈ. હું તો રાજની વાત કરું છું. હું તો રાજા ભરત ચક્રવર્તીની વતી કહું છું. તમારે એમની તાબેદારી સ્વીકારવી પડશે, ખંડિયા રાજાઓના નામ નોંધાવવા પડશે. દરબારમાં સલામીએ આવવું પડશે, ભેટ–સોગાદ ને નજરાણું ધરવું પડશે, અને એમના હુકમ માનવા પડશે.'

સિંહ જેવી ગર્જના કરીને બાહુબલી બોલ્યો : 'અલ્યા, અમે તો અમારા ભાઈ ભરતને પિછાણીએ છીએ. તારા ભરત ચક્રવર્તીને અમારું અહીંનું પંખી પણ જાણતું નથી. આ રાજ અમારા પિતાનું સોંપેલું છે. અમે સ્વતંત્ર છીએ, સ્વતંત્ર રહેવાના છીએ. સ્વતંત્રતા માટે અમે સિર દેનારા છીએ.'

રાજા ભરતનો દૂત કહે : 'તો લડવા તૈયાર રહેજો.'

બાહુબલી હુંકાર કરીને બોલ્યો, 'જા, જઈને તારા રાજા

ભરતને કહેજે કે એક વાર ગંગા નદીની રેતમાં ઉઠાવીને તને અદ્ધર ફેંક્યો હતો, હાડકાં ખોખરાં કરી નાખ્યાં હતાં, એ સાવ ભૂલી ગયો કે ?'

વાત વધી ગઈ. એકબીજાના મનમાં આંટ પડી ગઈ. એક બાપના બે દીકરા બાખડવા તૈયાર થઈ ગયા. રણનાં રણશિંગાં વાગ્યાં.

નાની શી વાત પર મોટી લડાઈ જાગી, બંને તરફથી લશ્કરો મેદાને પડયાં. એક બીજા કોઈને મચક ન આપે. ખૂબ લડયા, ખૂબ લડયા : લડતાં લડતાં બારબાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. લડાઈ એટલે લડાઈ. લડાઈમાં શું ન જોઈએ ? ખાતાં ખાતાં અન્ન ખૂટી ગયું. પીતાં પીતાં પાણી ખૂટી ગયું. લડતાં લડતાં માણસ ખૂટી ગયાં. બધે કાળો પોકાર ઊઠયો. પણ એમ કાંઈ લડાઈ અટકે ?

લડાઈનું ખરું મેદાન તો મનમાં હતું. નાનું શું મન લડાઈ મૂકી દે, તો આવડી મોટી સેના સાવ નકામી હતી. પણ લીધી વાત કેમ છૂટે ? લડાઈ જરૂર અટકે, પણ બેમાંથી એક નરમ થાય તો હમણાં બધું ઠેકાણે પડી જાય. એક ગરમ થાય, પણ બીજો ગમ ખાય, તો લડાઈ કદી ન થાય.

આખરે ડાહ્યાઓ વચ્ચે પડયા, તેમણે કહ્યું : 'તમારે બેને ઝઘડો છે. તમે બે લડાઈ કરો. નાહક આખી દુનિયાને કાં સંતાપો !'

આમ તો ભરત ને બાહુબલી બંને શાણા હતા, સમજુ હતા. પણ જીદ કોને કહે? તેઓએ આ વાત કબૂલ કરી. પછી ચાર પ્રકારનાં યુદ્ધ ઠરાવ્યાં.

પહેલું વચન-યુદ્ધ! એમાં સામસામી સિંહગર્જના કરવાની. બીજું દષ્ટિ-યુદ્ધ! આ યુદ્ધ આંખોથી લડવાનું. ત્રીજું બાહુ-યુદ્ધ! એક બીજાના હાથને વાંકો વાળવાનો. ચોથું મલ્લ-યુદ્ધ! કુસ્તી કરવાની.

ચારે ચાર યુદ્ધમાં નાનોભાઈ જીત્યો, એટલે મોટાભાઈ ખૂબ ગુસ્સે થઈ ગયા.

મોટાભાઈએ નીતિ—ન્યાય એક બાજુ મૂક્યાં. દોડયા ને બાહુબલીના માથામાં મુક્કાનો ભયંકર પ્રહાર કર્યો. ચક્રવર્તી ભરતનો એ મુક્કો! નાના ભાઈના રામ રમી જાત, પણ એ ગોઠણભેર થઈ ગયો. વાર ખાલી ગયો. હવે મોટાભાઈએ માઝા મૂકી, મર્યાદા છોડી.

નાનાભાઈને તો જોઈતું હતું ને વૈદે કહ્યું. એણે ભયંકર સિંહગર્જના કરી. સો ડગલાં પાછળ ખસી, સો ડગલાં આગળ વધી, જમીનથી બે વાંસ ઊંચે કૂદી, કચકચાવીને પોતાની વજ્રમુષ્ટિ ઉગામી. એ તો લોખંડી મુક્કો હતો. બાહુ-બલીની તાકાત સહુ જાણતા હતા. પથ્થરનો મુઠીમાં મસળીને ભૂકો કરી નાંખે, એવો એ બળિયો હતો. બે વાઘને બે બગલમાં

દાબીને તોબા પોકરાવે એવો એ વીર હતો. સહુને થયું કે ખલાસ ! ભરતનાં સોએ વરસ પૂરા ! ગજબ થયો. ચક્રવર્તીનું મોત આવ્યું. કોઈ એને વારી શકે એવું પણ ત્યાં હતું નહિ !

પણ ખરું વારનાર આદમીનું અંતર છે. ક્રોધથી અંધ બનેલા બાહુબલીના અંતરમાં બેઠેલો વિવેક એકાએક આ પળે જાગી ગયો. એણે અવાજ આપ્યો : 'ફટ ભૂંડા ! આખર માટીના ઢેફામાં મન મોહ્યું ! તું કયા પિતાનો પુત્ર ! જે પિતાએ આખી પૃથ્વીને તણખલાની તોલે સમજી ત્યાગ કર્યો. એના માટે તમે લડવા–ઝગડવા બેઠા ! વહાલામાં વેર કર્યાં ! દુનિયાને ત્રાસ આપ્યો. ધિક્ તમારું જીવન ! ધિક્ તમારું બળ ! ધિક્ તમારું ધન !

આવો ચોખ્ખો અંતરનો અવાજ કોઈ બડભાગીને જ સંભળાય ! બાહુબલી અંતરનો અવાજ સાંભળી એકદમ શાંત પડી ગયો. ઉગામેલો મુક્કો અદ્ધર તોળાઈ રહ્યો, પણ ક્રોધનો વેગ અપાર હતો. એ ઉગામેલો મુક્કો કોઈ પર પડવો જ જોઈએ. બાહુબલીએ મનમાં વિચાર્યું ! આમાં મારી જાત જ ખરેખરી ગુનેગાર છે. મારે મારી જાતને જ શિક્ષા કરવી જોઈએ. ધિક્ આવા વૈભવને ! આ લોહિયાળ રાજપાટથી સર્યું !

તરત એ મુક્કો પોતાના અવિવેકી બનેલા માથા પર માર્યો. બધા વાળ ચૂંટી કાઢ્યા. વેરવિરોધના કારણરૂપ બનેલાં રાજપાટનો ત્યાંને ત્યાં ત્યાગ કર્યો. વૈભવવિલાસનો ત્યાગ કર્યો.

અને સાધુ બનીને ત્યાંથી ચાલી નીકળ્યા. કમ્મે શૂરા તે ધમ્મે શૂરા આનું નામ.

શાબાશ ભડવીર ! તેં માટીની જેમ માયા તજી! બાહુબલી પિતા પાસે ચાલ્યા. માર્ગમાં વિચાર આવ્યો, કે પિતાજી પાસે તો તપથી જે મોટો એ જ ખરો મોટો. વર્ષની કે બીજી કોઈ ગણતરી જ ત્યાં થાય નહિ. 'તપના ધન'વાળાનું જ ત્યાં પૂછાણું છે. મારા નાના ભાઈઓ મારા પહેલાં ત્યાં તપ કરવા ગયા છે. હવે હું ત્યાં જાઉં તો મારે નાના ભાઈઓને નમસ્કાર કરવા પડે.

મનનું માન બોલ્યું કે એ તો ન બને. ભલા આદમી ! ગુરુની જ શી જરૂર છે? મન ચંગા તો કથરોટમાં ગંગા !

દુનિયા તો અજબ છે, સંસારની માયા તજી, રાજપાટ તજ્યાં, ધનદોલત છોડયાં, બાળબચ્ચાં મૂકયાં, પણ ન મુકાયો એક મનનો અહંકાર ! એ અહંકારે તો ભલભલા જોગીના જોગના, ધૂળ પર લીંપણ જેવા કરી નાખ્યા છે! મનનું માન તજાય ત્યારે ખરું કલ્યાણ થાય! દુનિયાનાં રાજપાટ છોડી શકાય, લગીર, લગીર જેવડું મનનું માન ન તજી શકાય !

બસ, બાહુબલીજી એક જંગલમાં બેસી ગયા ને તપ કરવા લાગ્યા. બાહુબલીએ શું અદ્ભુત તપ શરૂ કર્યું ! આખા દેહ પર વેલડીઓ વીંટાણી, પંખીઓએ માળા નાખ્યા, પગમાં રાફડા કરીને કાળા સાપ વસ્યા. દિવસો ને મહિનાઓ વીતી

ગયા. સંસાર આખામાં એમની વાહવાહ બોલાઈ ગઈ. લોકો કહે : 'તપ હો તો આવું હો! ત્યાગ હો તો આવો હો!'

દુનિયા આખી દર્શન અર્થે ઊમટી. દુનિયા આખી વાહવાહ કરવા લાગી. પણ દુનિયાની વાહવાહને શું કરે? વાહવાહથી શું વળ્યું? દુનિયાનો ઢોલ તો ઘડીમાં આમ વાગે–ઘડીમાં તેમ વાગે! બાહુબલીજીના અંતરમાં હજી અંધકાર હતો : જ્ઞાનનો પ્રકાશ પેદા થતો નહોતો. હાથી જઈ જઈને પૂંછડે અટક્યો હતો.

આ બે ભાઈઓને બે બહેનો હતી. તે ભાઈની સ્થિતિ સમજી. એણે જોયું કે ભાઈ દુનિયાની લડાઈમાં જીત્યો છે, પણ અંતરની લડાઈમાં હાર ઉપર હાર પામતો જાય છે. અંતરની, માન-પાનની નાના-મોટાની ગાંઠો એનાથી ઊકલી નથી. સાધુ માટે નિર્ગ્રંથ થવું જરૂરી છે. બન્ને બેનો ત્યાં ગઈ અને ગાવા લાગી :

'વીરા મોરા, ગજ થકી ઊતરો!'

ગજ એટલે હાથી! હાથી ઉપરથી, હે ભઈલા મારા, હેઠા ઊતરો.

બાહુબલીજી ક્યાં હાથી ઉપર બેઠા હતા, તે નીચે ઊતરે?

બાહુબલીજી વિચારી રહ્યા કે અરે, હું ક્યાં હાથી ઉપર છું? ત્યાં અંતરમાંથી અવાજ આવ્યો, 'તમે 'અહમ્' રૂપી હાથી પર બેઠા છો. નાના-મોટાનો ઝઘડો હજી તમારા મનમાં

છે. ગુણવાનને નમસ્કાર કરતાં નાનમ શી ! માણસે ધૂળ સમાન નમ્ર ને તણખલાને તોલે હળવા થવું જોઈએ.'

બસ, બાહુબલીજીને સત્ય વાત સમજાઈ ગઈ. માન મૂકી દીધું, મોટાઈ મૂકી દીધી. લઘુતા અંતરમાં આવી ગઈ. એટલે પ્રભુતાને પ્રગટતાં કેટલી વાર લાગે? એમણે પિતા અને ભાઈઓ પાસે જવા જેવો પગ ઉપાડયો કે અંતરમાં જ્યોતિ ઝળહળી ઊઠી. એમનું કલ્યાણ થઈ ગયું.

આ તરફ મોટાભાઈ ભરતના અંતરમાં પણ ભારે ગડમથલ ચાલી રહી! વારે વારે વિચારે કે ખરો વીર તો બાહુબલી! એક દિવસ અરીસાભવનમાં બેઠા બેઠા એને વિચાર આવ્યો : 'માણસ સદ્‌ગુણથી શોભે કે સંપત્તિથી? માણસ આભૂષણોથી શોભે કે પવિત્ર અંતઃકરણથી?'

વિચારોમાં ઊંડા ઊતર્યા. વિચારમાં ને વિચારમાં એને પણ અગમ-નિગમનું જ્ઞાન થઈ ગયું. એમને લાગ્યું કે માણસ દુનિયાની મિલકતનો માલિક નથી, રક્ષક છે. રક્ષણ થાય ત્યાં સુધી કરવું, પછી ચાલી નીકળવું, એ માટે નિરર્થક ઝઘડા ન કરવા, એણે ય ત્યાગથી રાજપાટ શોભાવ્યું.

એ ય રાજા ગોપીચંદની જેમ રાજપાટ તજી ચાલી નીકળ્યા. બંને ભાઈઓનું કલ્યાણ થયું.

□

## શિષ્ટ, સંસ્કારી અને માનવમૂલ્યો પ્રેરતું વાચન
## એટલે
## શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટનાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. સફર સો દિવસની | ધીરુભાઈ ઠાકર | ૬–૫૦ |
| ૨. અજબ દુનિયાની વાડીમાં | ધીરુભાઈ ઠાકર | ૮–૫૦ |
| ૩. બિરાદારી | કુમારપાળ દેસાઈ | ૪–૦૦ |
| ૪. પદ્મપરાગ | રતિલાલ દી. દેસાઈ | ૩–૫૦ |
| ૫. બાલસાહસ શ્રેણી ભા. ૧ થી ૪ | કુમારપાળ દેસાઈ | ૧૦–૦૦ |
| ૬. વહેતી વાતો | કુમારપાળ દેસાઈ | ૫–૦૦ |
| ૭. અનિમેષ | વિનોદ કપાસી | ૨૮–૦૦ |
| ૮. દહીંની વાટકી | જયભિખ્ખુ | ૫–૦૦ |
| ૯. અપંગનાં ઓજસ | કુમારપાળ દેસાઈ | ૨૫–૦૦ |
| ૧૦. વિક્રમાદિત્ય હેમુ | જયભિખ્ખુ | ૭–૭૫ |
| ૧૧. ભાગ્યનિર્માણ | જયભિખ્ખુ | ૬–૫૦ |

### અપ્રાપ્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. વસહી અને પર્વત | જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૨. આંખ નાની, આંસુ મોટું | જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૩. લોહ અને પારસ | જયભિખ્ખુ | ૩–૨૫ |
| ૪. લીલી લીલી વરીયાળી | જયભિખ્ખુ | ૩–૫૦ |
| ૫. જાણ્યું છતાં અજાણ્યું | મુનીન્દ્ર | ૬–૫૦ |
| ૬. ભગવાન મહાવીર | જયભિખ્ખુ | ૪–૫૦ |
| ૭. એકાંતે કોલાહલ | કુમારપાળ દેસાઈ | ૭–૦૦ |
| ૮. દૃષ્ટા અને સ્રષ્ટા | ધીરુભાઈ ઠાકર | ૩–૫૦ |

**મોટા જથ્થામાં ખરીદનાર માટે અત્યંત સસ્તી**
**કિંમતની વિશિષ્ટ યોજના**

: સંપર્ક :

**શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૭

અનુપમ ગ્રંથાવલિ

૧

**અમૃતની ઝંખના**

૨

**શીલરાજ અને દેવદત્ત**

૩

**સુવર્ણ મૃગ**

૪

**રાજકુમારી મલ્લિકા**

૫

**ઈલાચીકુમાર**

*

સેટની કુલ કિંમત

પંદર રૂપિયા

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટનું નવીન પ્રસ્થાન

# જૈનદર્શન પરિચય શ્રેણી

માત્ર ૩૨ પાનાંમાં જ, ગહન સિદ્ધાંતો, તારક તીર્થંકરો, ઉત્તમ શ્રેષ્ઠિઓ અને મધુર ભાવનાઓનો સરળ ભાષામાં પરિચય આપતી આ શ્રેણીની પ્રત્યેક પુસ્તિકા દેશના પ્રખર વિદ્વાનોની કલમે તૈયાર કરવામાં આવી છે. પ્રથમ દસ પુસ્તિકાઓની આ છે ઝલક :

| | | |
|---|---|---|
| (૧) | રાજા શ્રીપાલ | જયભિખ્ખુ |
| (૨) | ગુરુ ગૌતમસ્વામી | રતિલાલ દી. દેસાઈ |
| (૩) | શ્રીમદ્ રાજચંદ્ર | ડૉ. મુકુંદ સોનેજી (પૂ. આત્માનંદજી) |
| (૪) | અનેકાન્તવાદ | દલસુખભાઈ માલવણિયા |
| (૫) | નમસ્કારમંત્ર | શશીકાન્ત મહેતા |
| (૬) | કલ્પસૂત્ર | રમણલાલ ચિ. શાહ |
| (૭) | પાર્શ્વનાથ પ્રભુ | સુનંદાબેન વ્હોરા |
| (૮) | સામાયિક | તારાબેન શાહ |
| (૯) | કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય | પન્નાલાલ શાહ |
| (૧૦) | ભગવાન મહાવીર | કુમારપાળ દેસાઈ |



શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ,
અમદાવાદ •